# 6

**સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ–૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત**

*15/4/2317 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે, | (૧) હા સાચી છે. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું, | (૨) ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં આવા કિસ્સાની વિગત નીચે મુજબ છે: |

| ક્રમ | જિલ્લો | ઇસમોની સંખ્યા | ચૂકવેલ રકમ |
| --- | --- | --- | --- |
| ૧ | ગાંધીનગર | ૩૨ | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૪ | ૨,૦૦,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસુલવામાં આવી,<br>(૪) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને<br>(૫) ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) (૪) અને (૫) ગાંધીનગર જિલ્લામાં ૩૨ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામ.કોર્ટમાં કેસ ચાલુ હોઇ રકમ વસુલ લેવામાં આવેલ નથી. સાબરકાંઠા જિલ્લામાં ૪ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ હોઇ રકમ વસુલ લેવામા આવેલ નથી. |

----------